ક્રમાંક:માવિ.૫/UDISE/૨૦૧૭/૨૨૦૬૯૮-૭૫૬

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર
તા.૦૮/૧૨/૨૦૧૭

પ્રતિ,
૧. એસ.વી.એસ. લાયઝન અધિકારીશ્રી, તમામ
૧. એસ.વી.એસ. કન્વીનરશ્રી, તમામ
૨. ક્યુ.ડી.સી. કન્વીનરશ્રી, તમામ
જિ.બનાસકાંઠા

વિષય: યુ-ડાયસની ફોર્મ ચકાસણી તેમજ કામગીરી કરવા બાબત.
સંદર્ભ: રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન, ગાંધીનગરના પત્રક્રમાંક:RMSA/MIS/UDISE/2017/13293-327 તા.07/12/2017

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, આપના એસ.વી.એસ./ક્યુ.ડી.સી. હેઠળની શાળાઓએ યુ-ડાયસના ફોર્મ ભરવાની પ્રક્રિયા પુરી કરેલ હશે અને ફોર્મ જે-તે બી.આર.સી. ભવન પર જમા કરાવેલ હશે.

આપના એસ.વી.એસ./ક્યુ.ડી.સી. હેઠળની કાર્યરત સરકારી, આશ્રમ શાળા, અનુદાનિત (ગ્રાન્ટ-ઇન-એઇડ), બિન અનુદાનિત(સેલ્ફ-ફાઇનાન્સ), કેન્દ્ર સરકાર દ્વારા સંચાલિત કે અન્ય કોઇપણ સંચાલન દ્વારા સંચાલિત હોય તેમજ રાજ્ય બોર્ડ અને અન્ય તમામ બોર્ડ સાથે સંકળાયેલ હોય તેવી તમામ શાળાઓ અને ચાલુ શૈક્ષણિક વર્ષમાં શરુ થયેલ નવી તમામ શાળાઓના યુ-ડાયસ ફોર્મ જમા થયા છે કે નહિ તેની ચકાસણી કરવાની રહેશે.

યુ-ડાયસ ફોર્મની ચકાસણીમાં ખાસ કરીને શાળાનું મેનેજમેન્ટ, શાળાની કેટેગરી, વિદ્યાર્થી સંખ્યા(SDMIS-આધારડાયસ ઓનલાઇન સીસ્ટમ અને યુ-ડાયસ બન્નેમાં એક સરખી છે કે કેમ અને જો માહિતી એક સરખી ન હોય તો સરખી કરાવવી), શાળાના ઇન્ડેક્ષ નંબરની માહિતી, શાળાના શિક્ષકોની માહિતી, શિક્ષકોના આધાર નંબરની માહિતી, શાળાની ભૌતિક સુવિધાઓની માહિતી, દિવ્યાંગ બાળકોની માહિતી, રેમ્પ અને રેલીંગની સુવિધાની માહિતી, SMDCના સભ્યની માહિતી, વોકેશનલ એજ્યુકેશન શરૂ કરેલ શાળાઓમાં વિદ્યાર્થી તેમજ શિક્ષકોની માહિતી વગેરે માહિતીની ચકાસણી કરવાની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા-પાલનપુર

નકલ રવાના અમલ સારૂ.
૧. નોડલ અધિકારીશ્રી, યુ-ડાયસ કામગીરી, સદર કચેરી
૨. શિક્ષણ નિરીક્ષકશ્રી, સદર કચેરી.